કમિશનરશ્રી, ગ્રામ વિકાસની કચેરીમાં નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીઓને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણુંક આપવા બાબત.
શ્રી વી.વી.પટેલ ગુજરાતી સ્ટેનોગ્રેડ-૩

**ગુજરાત સરકાર**
**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૪-એસએફએસ-૭-ખ.૧**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ ૩-૧૧-૨૦૧૬**

**વંચાણે લીધાઃ-**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫/૦૩/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંકઃ આરઈએમ/૧૦૨૦૦૨ /યુઓઆર-૮૨/(ભાગ-૨)/ગ-૨

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૦૫-૧૧-૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૪-એસએફએસ-૭-ખ.૧

**ઠરાવઃ-**

શ્રી વી.વી.પટેલ (નિવૃત્ત) અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩ તા:૩૦/૦૬/૨૦૧૩ નારોજ વય નિવૃત્ત થયેલ છે. શ્રી પટેલ તેમની તા.૨૯/૦૭/૨૦૧૬ની અરજીથી નિવૃત્તિ બાદ પુનઃ કરાર આધારિત નિમણુંક આપવાની રજૂઆત કરતાં ગુજરાતી સ્ટેનોગ્રેડ તરીકે કરાર આધારિત સેવાઓ સંદર્ભ:૧ હેઠળના ઠરાવથી નિયત કરાયેલ મહત્તમ રૂ.૧૩,૦૮૦/- (અંકે રૂપિયા તેર હજાર એંસી પુરા)ના માસિક ફિકસ મહેનતાણાની મંજૂરી માટે સરકારશ્રીમાં રજૂ કરાયેલ દરખાસ્તને પુખ્ત વિચારણાના અંતે અનુમતિ મળેલ છે. જે અન્વયે શ્રી વી.વી.પટેલ તા.૦૧-૦૯-૨૦૧૬થી પુનઃ એક વર્ષ માટે નીચેની શરતોને આધીન નિવૃતિ બાદની કરાર આધારિત નિમણુંક કરવા આથી ઠરાવવામાં આવે છે.

૧. શ્રી. વી.વી.પટેલના કરારનો સમય તા.૦૧/૦૯/૨૦૧૬થી એક વર્ષનો રહેશે. ત્યારબાદ તેમની કામગીરીના મૂલ્યાંકન અને ફંડની ઉપલબ્ધતા ધ્યાને લઇ કરાર લંબાવવાને પાત્ર રહેશે.

૨. શ્રી. વી.વી.પટેલને કરારના સમયગાળા દરમ્યાન રૂ.૧૩,૦૮૦/-નું માસિક ફિકસ મહેનતાણું મળશે.તેમજ પેંન્શન અને તેના ઉપર નિયમાનુસાર ટી.આઇ.મળવાપાત્ર થશે.

૩. કરારના સમયગાળા દરમ્યાન શ્રી વી.વી.પટેલને નિયત મહેનતાણાંમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહિ.

૪. નિયત મહેનતાણા સિવાય કોઇપણ પ્રકારના અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે નહિ.

૫. કરારના સમયગાળા દરમ્યાન શ્રી વી.વી.પટેલનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની નિયત મહેનતાણાંની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુસાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

૬. શ્રી વી.વી.પટેલને ઉપરી અધિકારી દ્વારા સુપ્રત કરવામાં આવતી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં હાજરી આપવાની રહેશે. જાહેર રજાના દિવસોએ પણ કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૭. શ્રી વી.વી.પટેલ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહીં. તેમજ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકશે નહિ.

૮. શ્રી વી.વી.પટેલને કરારના સમય દરમિયાન જાહેર રજાઓ સિવાય ૧૨ (બાર) રજા મળવાપાત્ર થશે. તે સિવાય અન્ય કોઇ પ્રકારની રજા મળવાપાત્ર થશે નહી. આ ૧૨ (બાર) દિવસની રજા ઉપરાંતની રજા ભોગવવામાં આવશે તો તે રજાના દિવસની મહેનતાણાની રકમની કપાત કરી લેવામાં આવશે.

૯. શ્રી વી.વી.પટેલને કરારના સમયગાળા દરમિયાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટિસ આપ્યા સિવાય કોઇપણ સમયે કરારનો અંત લાવી તેઓને છૂટા કરી શકાશે.

૧૦. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તે પણ શ્રી વી.વી.પટેલને બંધનકર્તા રહેશે.

૧૧. વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર શ્રી વી.વી.પટેલના નિયત મહેનતાણામાંથી કરી લેવાની રહેશે. જયારે અન્ય વેરાઓ ભરવાની જવાબદારી તેમના પોતાના શિરે રહેશે.

૧૨. નિમણુંક સમય દરમિયાન શ્રી વી.વી.પટેલે બજાવેલ કામગીરી અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇ જવાબદારી રહેશે નહિ.

૧૩. શ્રી વી.વી.પટેલની નિમણુંક સંપૂર્ણપણે કરાર આધારિત હોઇ રાજય સરકારના વિભાગ અને તેમના નિયંત્રણ હેઠળની કચેરીઓ તેમજ રાજય સરકારના બોર્ડ/કોર્પોરેશન/જાહેર સાહસોમાં નિયમિત મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહિ.

૧૪. શ્રી વી.વી.પટેલ કરારની મુદત પહેલાં પોતાની સેવાઓ આપવાનું સમાપ્ત કરી શકાશે નહિ તેમ છતાં જો કોઇ ખાસ કારણોસર તેમની સેવાઓ આપવાનું સમાપ્ત કરવાનું કે રાજીનામું આપવાનું થાય તો, તે ખાસ સંજોગોમાં વિચારવામાં આવશે. આવા સંજોગોમાં તેમણે સ્ટેટ સીસીડીયુ ટીએસસી પ્રોજેકટ, ગાંધીનગરને એક માસની નોટિસ આપવી પડશે. નોટિસ જેટલા સમય (દિવસો)ની ઓછી આપશે તેટલા દિવસનું તેને ફિકસ મહેનતાણું સ્ટેટ સીસીડીયુ ટીએસસી પ્રોજેકટ, ગાંધીનગરમાં જમા કરાવવાનું રહેશે.

૧૫. શ્રી વી.વી.પટેલએ તેઓને મળનાર એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

૧૬. ઉપરોકત શરતો શ્રી વી.વી.પટેલને સ્વીકાર્ય છે તે અંગેનું રૂા.૧૦૦/-ના સ્ટેમ્પ ઉપર સંમતિ પત્રક અને એગ્રીમેન્ટ અલગથી સ્ટેટ સીસીડીયુને રજૂ કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૭-૧૦-૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(યુ.યુ.પઠાણ)**
**ઉપસચિવ,**
**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ**

**પ્રતિ,**
શ્રી વી.વી.પટેલ
નિવૃત્ત સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩,
કમિશનરશ્રી, ગ્રામ વિકાસની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.

**નકલ રવાના:-**

(૧) અગ્રસચિવશ્રી (ગ્રા.વિ)ના અંગતસચિવશ્રી પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ સચિવાલય,ગાંધીનગર.

(૨) અધિક કમિશનરશ્રી (મહેકમ) કમિશનરશ્રી, ગ્રામ વિકાસની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૩) હિસાબી અધિકારીશ્રી, કમિશનરશ્રી, ગ્રામ વિકાસની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૪) સેકશન અધિકારીશ્રી ખ-૩ શાખા સામાન્ય વહીવટ વિભાગ નવા સચિવાલય, ગાંધીનગર ગ્રામ વિકાસની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૫) સિલેકટ ફાઇલ.સિસ્ટમ મેનેજરશ્રી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ઠરાવ અપલોડ કરવા સારૂ.

(૬) સિલેકટ ફાઇલ.